# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચતર શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયના **પુનરાવર્તીત(રીપીટર) પરીક્ષાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા તા. ૨૮/૦૭/૨૦૨૧ થી ૩૦/૦૭/૨૦૨૧** દરમ્યાન નક્કી થયેલ પરીક્ષા સ્થળો ખાતે લેવામાં આવનાર છે. પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષાર્થીઓની પ્રવેશિકા (હોલટિકિટ) તા. ૨૦/૦૭/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકથી બોર્ડની વેબસાઇટ **sciprac.gsebht.in** અથવા **gseb.org** પરથી શાળા દ્વારા ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના પરીક્ષાના આવેદનપત્ર મુજબના વિષયોની ખરાઇ કરીને તેમાં પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગશિક્ષકની સહી તેમજ આચાર્યશ્રીના સહીસિક્કા કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમય મર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની વિજ્ઞાન પ્રવાહ શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવો.

**નોંધઃ**- પ્રવેશિકા ડાઉનલોડ કરવા માટે શાળાનો ઇન્ડેક્ષ નંબર તેમજ નોંધાયેલ મોબાઇલ નંબર ભરી, મોબાઇલ પર મળેલ OTP નો ઉપયોગ કરી લોગીન કરી શકાશે.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ

**સ્થળ**: ગાંધીનગર
**તારીખ**:૨૦/૦૭/૨૦૨૧

ક્રમાંકઃ મા.વિ.૬/પરીપત્ર/૨૦૨૧/૩૩૫૮૫-૩૪૫૫૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૨૦/૦૭/૨૦૨૧

**નકલ રવાના જાણ તથા અમલ સારૂં.**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner